મહીસાગરના કાકચીયા ત્રિવેણી સંગમને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવા માગણી ઉઠી

# લુણાવાડાના કાકચીયામાં શ્રદ્ધાળુઓ માટે 'પાકો ઘાટ' બનાવવા ઉગ્ર માગ

**મહીસાગર,** પાનમ અને વેરી નદીના સંગમ સ્થાને સુવિધાઓનો અભાવ



(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૦

લુણાવાડા તાલુકાનું કાકચીયા ગામ હાલ ત્રણ પવિત્ર નદીઓના સંગમ સ્થાન તરીકે ખ્યાતિ પામી રહ્યું છે. મહીસાગર, પાનમ અને વેરી નદીના આ પવિત્ર 'ત્રિવેણી સંગમ' પર શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે, ત્યારે અહીં નદી કિનારે વ્યવસ્થિત પાકો ઘાટ બનાવવામાં આવે તેવી માંગણીએ જોર પકડ્યું છે.

લુણાવાડાના કાકચીયા ખાતે આવેલા આ સંગમ તીર્થ પર ૨૦૦ થી ૩૦૦ વર્ષ પુરાણું અતિ પ્રાચીન શિવજીનું મંદિર આવેલું છે. આ સ્થળનું ધાર્મિક મહત્વ એટલું છે કે આસપાસના જિલ્લાઓમાંથી લોકો અહીં પોતાના સ્વજનોની અસ્થિઓ પધરાવવા અને દશમાની વિધિ કરવા માટે મોટી સંખ્યામાં આવે છે. ખાસ કરીને અમાસ અને પવિત્ર તહેવારો પર હજારોની મેદની અહીં સંગમમાં સ્નાન કરી ધન્યતા અનુભવે છે. અગાઉ માત્ર સ્થાનિક લોકો જ આવતા હતા, પરંતુ હવે ખ્યાતિ વધતા પ્રવાસીઓનો પ્રવાહ વધ્યો છે. તેમ છતાં, પાકો ઘાટ ન હોવાથી શ્રદ્ધાળુઓને પૂજા-વિધિ અને સ્નાન કરવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે.

અહીં નદીના પટમાં પથરાયેલા પથ્થરો અને વ્યવસ્થિત કિનારો ન હોવાથી અહીં અકસ્માતનો ભય પણ રહે છે. કાકચીયા ગામના સરપંચ શૈલેષભાઈ પટેલ અને ગ્રામજનો દ્વારા સરકાર પાસે માંગ કરવામાં આવી છે કે આ સ્થળને પ્રવાસન અને ધાર્મિક યાત્રાધામ તરીકે વિકસાવવામાં આવે. યાત્રિકો માટે પીવાના પાણી અને બેસવાની યોગ્ય વ્યવસ્થા ઉભી કરાય તો આ સ્થળ મહીસાગર જિલ્લાનું એક ઉત્તમ ધાર્મિક પર્યટન કેન્દ્ર બની શકે તેમ છે.

**ઘાટ બને તો મુશ્કેલીઓ દુર થઇ શકે છે**

'ત્રિવેણી સંગમ પર ભગવાનનું ધ્યાન ધરવા અને સાધુ-સંતો માટે જો વહેલી તકે અહીંયા ઘાટ બનાવવામાં આવે, તો લોકોની પડતી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે.' **- શૈલેષભાઈ પટેલ, સરપંચ, કાકચીયા.**

કપડવંજમાં રોગચાળાની ભીતિ વચ્ચે રહીશોમાં ભારે આક્રોશ

# કપડવંજના વોર્ડ નં.૧માં દૂષિત પાણીના પૂરવઠાથી હાહાકાર

**નળમાં** આવતા દુર્ગંધયુક્ત અને કચરાવાળા પાણીથી જન આરોગ્ય જોખમાયું

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૦

કપડવંજ શહેરના વોર્ડ નંબર-૧ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાના પાણીમાં ગંભીર પ્રકારની અશુદ્ધિઓ જોવા મળી રહી છે. નળ વાટે આવતું ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી પીવાલાયક ન હોવાથી સ્થાનિક રહીશો ભારે પરેશાની ભોગવી રહ્યા છે અને વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત વ્યક્ત કરી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પીવાના પાણીમાં ગંદકી અને કચરાના અંશો સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે, જેના કારણે બાળકો અને વૃદ્ધોના આરોગ્ય પર ગંભીર અસર થવાની પૂરેપૂરી શક્યતા ઊભી થઈ છે. રહીશોમાં એવી ભીતિ સેવાઈ રહી છે કે આ દૂષિત પાણીના વપરાશથી પેટના રોગો, તાવ અને ઉલ્ટી જેવી શારીરિક તકલીફો વકરી શકે છે.

આ અંગે રહેવાસીઓએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, આ સમસ્યા અંગે સંબંધિત તંત્રને વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં અધિકારીઓ દ્વારા હજુ સુધી કોઈ યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી. તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હાલમાં વોર્ડના નાગરિકોએ માગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પાણીની લાઈનોની તપાસ કરવામાં આવે અને શુદ્ધ પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે. સાથે જ રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જો જવાબદાર અધિકારીઓ દ્વારા વહેલી તકે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે તો આગામી સમયમાં રહીશો દ્વારા ઉગ્ર આંદોલન અને રજૂઆત કરવામાં આવશે.

# વડતાલના 'ઉત્સવિયાસ્વામી' શ્યામ સ્વામીના અસ્થિ વિસર્જન કરાયા

**ગઢપુરની** ઉન્મત ગંગામાં ચેરમેન અને કોઠારીએ શાસ્ત્રોક્ત વિધિથી વિસર્જન કર્યું



(પ્રતિનિધિ) આણંદ તા.૨૦

સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલના 'ઉત્સવિયા સ્વામી' તરીકે જાણીતા પૂજ્ય શ્યામ સ્વામીના અસ્થિ વિસર્જનની વિધિ ગઢપુરની પવિત્ર ઉન્મત ગંગામાં સંપન્ન કરવામાં આવી હતી.

વડતાલ મંદિરના ચેરમેન ડોક્ટર સંત સ્વામી તથા કોઠારી દેવ પ્રકાશ સ્વામીએ ભારે હૈયે શાસ્ત્રોક્ત વિધિ સાથે અસ્થિ વિસર્જન કર્યું હતું. આ પ્રસંગે ગઢપુર મંદિરના ચેરમેન હરીજીવન સ્વામી, સારંગપુરના કોઠારી વિવેક સ્વામી, સરધારના બાલમુકુંદ સ્વામી સહિત ધોલેરા, બોટાદ અને કુંડળ ધામના અનેક સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ટ્રસ્ટી સભ્ય ભુપેન્દ્રભાઈ પટેલ, પંકજભાઈ શેઠ અને અલ્પિતભાઈ પટેલ સહિતના અગ્રણી હરિભક્તોએ પૂજ્ય સ્વામીને ભાવાંજલિ અર્પી હતી. પૂજ્ય શ્યામ સ્વામીની સ્મૃતિમાં દાવોલ, નરસંડા, તારાપુર અને વહેરા સહિત કુલ ૭૫ ગામોમાં ધૂન અને પ્રાર્થનાના કાર્યક્રમો યોજીને ભક્તો દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પાડગોલ ગામમાં પણ વંદુના પાઠ અને ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જાહેર હિતના બદલે અંગત સ્વાર્થ માટે સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાનો ગંભીર આક્ષેપ

# મહુધા તાલુકા પંચાયતના તત્કાલિન પ્રમુખનું ચાર લાખનું ગ્રાન્ટ કૌભાંડ !

**સત્તાનો** દુરુપયોગ કરી પોતાના ઘર આંગણે જ નાણાં વાપરી નાખ્યાનો આક્ષેપ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

મહુધા તાલુકા પંચાયતના તત્કાલિન પ્રમુખના કાર્યકાળ દરમિયાન વિકાસના નામે લાખો રૂપિયાની સરકારી ગ્રાન્ટમાં ગંભીર ગેરરીતિ થઈ હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. સત્તાના જોરે પ્રમુખે જાહેર હિતના કામો કરવાને બદલે પોતાના જ રહેણાંક વિસ્તારમાં ૪ લાખ રૂપિયાની વિવેકાધીન ગ્રાન્ટ વાપરી નાખ્યાનો આક્ષેપ જાગૃત નાગરિકો દ્વારા કરાયો છે.

સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સાર્વજનિક સુવિધાઓ ઊભી કરવા માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો મુખ્ય હેતુ છેવાડાના વિસ્તારોનો વિકાસ કરવાનો હોય છે. જોકે, મહુધા તાલુકા પંચાયતમાં આ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી, તત્કાલિન પ્રમુખે અન્ય ગામો કે જાહેર સ્થળોના બદલે પોતાના ઘરની આસપાસ જ વિવિધ કામો પેપર પર બતાવી સરકારી તિજોરીને આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. આ પ્રક્રિયામાં તાલુકા વિકાસ અધિકારીની ભૂમિકા પણ શંકાસ્પદ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ સમગ્ર નાણાકીય ગેરરીતિ મામલે હવે જિલ્લા વિકાસ અધિકારી (DDO) અને કલેક્ટરને આધાર પુરાવા સાથે લેખિત ફરિયાદ કરવામાં આવી છે. રજૂઆતમાં માંગ કરાઈ છે કે આ ૪ લાખ રૂપિયાના ખર્ચનું તટસ્થ એજન્સી દ્વારા ઓડિટ કરવામાં આવે અને જો દુરુપયોગ સાબિત થાય તો તત્કાલિન પ્રમુખ તેમજ જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરી રકમ વસૂલવામાં આવે. ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ કિસ્સામાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# વીરપુર :અસુંદરીયામાં કૂવામાં ખાબકતા યુવાનનું કરુણ મોત

**ગાયને** પકડવા જતા અકસ્માતે યુવક કુવામાં પડ્યો

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૦

વીરપુર તાલુકાના અસુંદરીયા ગામમાં ગત ૧૯મી મેના રોજ સાંજના છૂટી ગયેલી ગાયને પકડવા પાછળ દોડેલો 35 વર્ષીય યુવાન અચાનક ખેતરના કૂવામાં પડી જતાં ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતું.

વીરપુરના અસુંદરીયા ગામના રહેવાસી પર્વતભાઈ પગીએ પોલીસ સ્ટેશનમાં આપેલા નિવેદન મુજબ, તેઓ ગત ૧૯મી મે,૨૦૨૬ના રોજ સાંજે સાડા સાત વાગ્યાના સુમારે તેમના પત્ની અને પુત્ર હરેશ પગી (ઉ.વ.35) સાથે તબેલામાં ગાયોનું દૂધ કાઢી રહ્યા હતા. આ દરમિયાન એક ગાય અચાનક ખીલેથી છૂટીને ગામ અને ખેતરો તરફ ભાગી હતી.

આ ગાયને પરત લાવવા માટે પર્વતભાઈ અને તેમનો પુત્ર હરેશ તેની પાછળ દોડ્યા હતા. જેમાં હરેશ ગાયને પકડવા માટે આગળ દોડી રહ્યા હતા ત્યારે નજીકમાં આવેલા નાનાભાઈ ધુળાભાઈના ખેતર પાસેના કૂવામાં અચાનક ખાબક્યા હતા. આ દ્રશ્ય નિહાળી પર્વતભાઈએ સ્થળ પર પહોંચીને જોયું તો તેમનો પુત્ર પાણીમાં ડૂબી રહ્યો હતો. તેમણે તુરંત બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. આ ઘટનાની જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને શોધખોળ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ હરેશનો મૃતદેહ કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ખેડાના યુવા ખેલાડીઓએ મેલબોર્નમાં આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં ૧૩ મેડલ જીત્યા

**નડિયાદ** | ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં યોજાયેલી 'કોબે ઓસાકા ઇન્ટરનેશનલ કરાટે કોમ્પિટિશન'માં ખેડા જિલ્લાની 'રાજ માર્શલ આર્ટ્સ એકેડમી'ના ખેલાડીઓએ ૫ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મળી કુલ ૧૩ મેડલ જીતી ઇતિહાસ રચ્યો છે. શિહાન રાજ કૌશિકના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ વિશ્વભરની ૩૦ ક્લબો વચ્ચે શાનદાર પ્રદર્શન કરી સમગ્ર મેડલ ટેલીમાં ગૌરવપૂર્ણ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિજેતાઓમાં વિહાન, વાંશિકા, ધુન, હસન, તન્મય, તુલસી, કનિસા અને હેતિકાનો સમાવેશ થાય છે, જેમણે વૈશ્વિક મંચ પર ભારતનો તિરંગો ગૌરવપૂર્વક લહેરાવ્યો છે.



### કપડવંજ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ કે. એસ. પટેલની દ્વારકા બદલી થતાં ભવ્ય વિદાય સમારંભ યોજાયો

**કપડવંજ** | કપડવંજ બાર એસોસિએશન દ્વારા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ કે. એસ. પટેલની દ્વારકા ખાતે બદલી થતાં તેઓનો વિદાયમાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાર એસોસિએશનના પ્રમુખ એચ. એમ. જોશી, ઉપપ્રમુખ જે. આર. પઠાણ અને સેક્રેટરી પી. એચ. ઝાલા સહિતના હોદ્દેદારો અને વકીલો ઉપસ્થિત રહ્યા હતા. વિદાય લઈ રહેલા જજ કે. એસ. પટેલે આ કાર્યક્રમ દરમિયાન બાર એસોસિએશનના તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ સમારંભમાં મોટી સંખ્યામાં સિનિયર વકીલોએ હાજર રહી જજ સાહેબને શુભેચ્છાઓ પાઠવી ભાવભીની વિદાય આપી હતી.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### મહીસાગરના ૭૦૩ ગામોમાં રાસાયણિક ખાતરોના સમતોલ વપરાશ અંગે જાગૃતિ અભિયાન



**સંતરામપુર** | મહીસાગર જિલ્લાના ૭૦૩ ગામોમાં ખેતીવાડી વિભાગ દ્વારા રાસાયણિક ખાતરોના સમતોલ અને સંકલિત ઉપયોગ અંગે એક માસના વિશેષ જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. લુણાવાડાના કાકાના ચમારીયા ગામે જિલ્લા ખેતીવાડી અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલી શિબિરમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખાતરોના વૈકલ્પિક સ્ત્રોતો વિશે માર્ગદર્શન અપાયું હતું. આ ઝુંબેશ હેઠળ ખેડૂતોને યુરિયા-ડીએપીના બદલે નેનો યુરિયા, બાયો ફર્ટીલાઈઝર્સ અને સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરવા વૈજ્ઞાનિક ઢબે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

### સીવીએમ યુનિ. દ્વારા શિક્ષણમાં AIના ઉપયોગ અંગે પાંચ દિવસીય ફેકલ્ટી તાલીમ કાર્યક્રમ યોજાયો

**આણંદ** | સીવીએમ યુનિવર્સિટી સંચાલિત MBIT કોલેજ ખાતે 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ' (AI) વિષય પર પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દરમિયાન અધ્યાપકોએ ChatGPT, Gemini અને NotebookLM જેવા આધુનિક AI ટૂલ્સ તેમજ પ્રોમ્પ્ટ એન્જિનિયરિંગ અને રિસર્ચ ઓટોમેશન જેવી ટેક્નોલોજીનો પ્રાયોગિક અનુભવ મેળવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણ, સંશોધન અને શૈક્ષણિક ઉત્પાદકતામાં વધારો કરી ફેકલ્ટીને આગામી પેઢીના ટેક્નોલોજી આધારિત શિક્ષણ માટે તૈયાર કરવાનો છે.



### ખેડા તાલુકામાં 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' નિમિત્તે જનજાગૃતિ અભિયાન અને સર્વે હાથ ધરાયો

**ખેડા** | ખેડા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વી.એ. ધ્રુવે અને જિલ્લા મેલેરીયા અધિકારી ડો. વાય.એ. પઠાણના માર્ગદર્શન હેઠળ ખેડા તાલુકામાં ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઈ હતી. આરોગ્ય વિભાગ દ્વારા તાલુકાના તમામ ગામોમાં મચ્છરજન્ય રોગોનો સર્વે કરી IEC દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો કરાયા હતા. આ કામગીરીમાં તાલુકા હેલ્થ સુપરવાઈઝર રાજસિંહ પરમાર સહિત CHO અને ફિલ્ડ સ્ટાફ (MPHW, FHW) સક્રિયપણે જોડાઈને સફળતાપૂર્વક કાર્યક્રમ પાર પાડ્યો હતો. ગ્રામીણ સ્તરે ડેન્ગ્યુ સામે સાવચેતી રાખવા અને તેના અટકાયતી પગલાંઓ અંગે લોકોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



### ગોબલજ ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત કેમ્પમાં ૧૮૧ લોકોની તપાસ કરાઈ

**ખેડા** | 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦' હેઠળ નાયકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આમ-ગોબલજમાં એક્સ-રે કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા અને તાલુકા આરોગ્ય અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ટીમ દ્વારા કુલ ૧૮૧ વ્યક્તિઓના એક્સ-રે કરી સઘન તપાસ હાથ ધરાઈ હતી. આ કેમ્પમાં ખાસ કરીને વૃદ્ધો, ડાયાબિટીસના દર્દીઓ અને હાઈ-રિસ્ક ગ્રુપમાં આવતા વ્યક્તિઓના સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. આશા બહેનો, CHO અને આરોગ્ય કર્મચારીઓના સઘન પ્રયાસો અને ઉત્કૃષ્ટ કામગીરીથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



### ખેડામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નિ:શુલ્ક સમર યોગ કેમ્પનું ભવ્ય આયોજન કરાયું

**ખેડા** | ખેડા પાંજરાપોળની વાડીમાં ૧૬ થી ૩૦ મે દરમિયાન સૌપ્રથમવાર નિ:શુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકોને મોબાઈલ અને જંકફૂડની કુટેવથી દૂર રાખી, તેમને સ્વસ્થ જીવનશૈલી અને સારા સંસ્કાર આપવાના હેતુથી યોજાયેલા આ કેમ્પમાં ૪૦થી વધુ બાળકો ભાગ લઈ રહ્યા છે. આ શિબિરમાં જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અને યોગ કોચની ઉપસ્થિતિમાં બાળકોને યોગ પુસ્તિકા, ચિત્રપોથી અને ટોપીનું વિતરણ કરવામાં આવ્યું હતું. યોગ કો-ઓર્ડિનેટર રાનીબેન ઠાકર અને તાલુકા યોગ કોચ સીમાબેન ઠક્કરના માર્ગદર્શન હેઠળ બાળકોમાં સકારાત્મક દ્રષ્ટિકોણ વિકસે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.



### આણંદમાં બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા તેજસ્વી છાત્રોનો સન્માન સમારોહ યોજાયો



**આણંદ** | શહેરના પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત કાર્યક્રમમાં ડો. ઈ. વી. સ્વામી અને DEO કામિનીબેન ત્રિવેદી સહિતના અનેક મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે એચએસસી 2026ની બોર્ડ પરીક્ષામાં 99.69 પર્સન્ટાઈલ સાથે એન.એલ. પટેલ હાઇસ્કૂલમાં પ્રથમ ક્રમ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થિની કુમારી માહી દેવેન્દ્ર પાઠકનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ નાપાડ તળપદ કેળવણી મંડળના પ્રમુખ ભુપેન્દ્રકુમાર પટેલ અને આચાર્ય અતુલભાઈ પટેલે વિદ્યાર્થિનીને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદના મોગરીમાં વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા નિ:શુલ્ક લીંબુ સરબતની પરબનો પ્રારંભ




**આણંદ** | આણંદના મોગરી ખાતે વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા પવિત્ર અધિક માસ નિમિત્તે ધખધખતી ગરમીમાં લોકોને રાહત આપવા નિ:શુલ્ક લીંબુ સરબત વિતરણની સેવા શરૂ કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિ અને અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ માનવસેવા કાર્યનો પ્રારંભ કરી ગરમીમાં તરસ છીપાવવાનો નવતર અભિગમ અપનાવાયો છે. આ પરબમાં દરરોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન લીંબુ સરબત અને ત્યારબાદ ઠંડા પાણીની વ્યવસ્થા સમગ્ર પુરુષોત્તમ માસ દરમિયાન ચાલુ રાખવામાં આવશે.

### BSNLના આણંદ-નડિયાદના જિલ્લા પ્રમુખ બી.જે. વસાવેનો વિદાય સમારંભ યોજાયો



**આણંદ** | બીએસએનએલના આણંદ કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મહારાષ્ટ્ર બદલી પામેલા જિલ્લા પ્રમુખ બી.જે. વસાવેને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. વર્ષ 2023થી નડિયાદમાં કાર્યરત બી. જે. વસાવેના સ્થાને હવે ધરમ શાહ નવા જિલ્લા પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળશે. આ પ્રસંગે ખેડા અને આણંદ જિલ્લાના તમામ અધિકારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એડમિન એસડીઇ નરેન્દ્ર કાછીઆ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વલ્લભ વિદ્યાનગર ખાતે આધ્યાત્મિક મૂલ્યો સાથે 'પરિવાર દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઇ

**આણંદ** | રાજયોગીની બ્રહ્માકુમારીઝ દ્વારા વલ્લભ વિદ્યાનગર ખાતે આયોજિત 'પરિવાર દિવસ' કાર્યક્રમમાં પારિવારિક સંબંધોની મજબૂતી અને આધ્યાત્મિકતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા રાજયોગીની શક્તિરાજજીએ પ્રેમ, સન્માન, સહયોગ અને વિશ્વાસ જેવા ગુણોને સુખી પરિવારના મુખ્ય લક્ષણો ગણાવી 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના કેળવવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં કેરિંગ, શેરિંગ અને ઇન્સ્પાયરિંગ જેવા મૂલ્યો દ્વારા જીવનમાં ભૌતિક સુવિધા અને આધ્યાત્મિકતાનું સંતુલન જાળવી આનંદમય જીવન જીવવાનો માર્ગ દર્શાવવામાં આવ્યો હતો.

